| | |
|---|---|
| વર્ષ ૨૦૨૬-૨૦૨૭ | દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના |
| ચાલુ બાબત | 1. રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુઓ (ગાય અને ભેંસ) ના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના. |
| ૩.૫૩.૬૦ કરોડ | 2. સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના. |
| | 3. પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૨૫ થી ૫૦ દૂધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય) ના ફાર્મની સ્થાપના પર સહાયની યોજના. |
| | 4. પાડી-વાછરડી ઉછેર માટે સહાયની યોજના |
| | 5. સામાન્ય જાતિના લોકોને પ્રાકૃતિક ખેતી માટે બે દેશી ગાયની ખરીદી માટે સહાયની યોજના |

ગુજરાત સરકાર

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક : ACD/PCD/e-file/2/2023/4994/P1 Section - AH Schemes

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/PCD/e-file/2/2023/4994/P1 (Letter No: ACD/1336/03/2025, Date: 29-03-2025)
2. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/PAR/e-file/2/2024/4712/P1 (Letter No: ACD/0500/04/2025, Date: 02-05-2025)
3. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/PAR/e-file/2/2024/4701/P1 (Letter No: ACD/0490/04/2025, Date: 02-05-2025)
4. પશુપાલન નિયામકની કચેરી ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ DOAH/CIT/e-file/304/2025/2769/Livestock, Dt: 25-09-2025.
5. પશુપાલન નિયામકની કચેરી ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ DOAH/CIT/e-file/304/2025/2769/Livestock, Dt: 24-02-2025.

**આમુખઃ-**

વંચાણે લીધા-(૧) પરના ઠરાવથી વર્ષ ૨૦૨૫-૨૬ માં પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ (૧) રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ (ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના પર વ્યાજ સહાયની યોજના તથા (૨) સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય

માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અને (૩) પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૨૫ થી ૫૦ દૂધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ના ફાર્મની સ્થાપના પર સહાયની યોજનાની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા-(૨) પરના ઠરાવથી વર્ષ ૨૦૨૫-૨૬ માં પાડી-વાછરડી ઉછેર માટે સહાયની નવી યોજનાને મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા-(૩) પરના ઠરાવથી સામાન્ય જાતિના લોકોને પ્રાકૃતિક ખેતી માટે બે દેશી ગાયની ખરીદી માટે સહાયની નવી યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા- (૪)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા વર્ષ-૨૦૨૬-૨૭ માટે સદરહું ચાલુ બાબત માટે રૂ. ૫૩.૬૦ કરોડની પૂર્વ અંદાજપત્રીય ચકાસણી દરખાસ્ત રજૂ કરેલ. તેથી વર્ષ ૨૦૨૬-૨૭ના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ. ૫૩.૬૦ કરોડ ( અંકે રૂપિયા ત્રેપન કરોડ સાઇઠ લાખ પૂરા) ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ.વંચાણે લીધા-(૫) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી દ્વારા સદરહુ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં થયેલ રૂ. ૫૩.૬૦ કરોડ ( અંકે રૂપિયા ત્રેપન કરોડ સાઇઠ લાખ પૂરા) ની જોગવાઇ સબંધે વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા સદરહું ચાલુ બાબતને રૂ. ૫૩.૬૦ કરોડ ( અંકે રૂપિયા ત્રેપન કરોડ સાઇઠ લાખ પૂરા)ની અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાંકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો (યોજનાવાર)માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ ૨૦૨૬-૨૭ માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| **યોજનાનુ નામ** | | **વર્ષ ૨૦૨૬-૨૭ ની જોગવાઇ (રૂ.કરોડમાં)** | **યોજનાના ખર્ચનુ વિગતવાર સદર** |
|---|---|---|---|
| ૨ | | ૩ | ૪ |
| (૧) | રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ (ગાય અને ભેંસ) ના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | ૯.૦૦ | ૩૧૩૨- પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન |
| (૨) | સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળાપશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના | ૩૦.૦૦ | ૩૧૩૫ – અન્યોને સહાયક અનુદાન |
| (૩) | પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૨૫ થી ૫૦ દુધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના | ૨.૦૦ | ૩૧૩૫ – અન્યોને સહાયક અનુદાન |
| (૪) | પાડી-વાછરડી ઉછેર માટે સહાયની યોજના | ૧૨.૦૦ | ૩૧૩૨- પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન |

| | | | |
|---|---|---|---|
| (૫) | સામાન્ય જાતિના લોકોને પ્રાકૃતિક ખેતી માટે બે દેશી ગાયની ખરીદી માટે સહાયની યોજના | ૦.૬૦ | ૩૧૩૨- પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન |

**શરતો અને બોલીઓ:-**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી વિભાગની રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
6. વિભાગે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
7. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
8. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
10. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

| | | |
|---|---|---|
| માંગણીનંબર | : | ૪ |
| સેકટર | : | ગ- આર્થિકસેવાઓ |
| સબસેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૩ પશુપાલન |
| ગૌણસદર | : | ૧૦૨-પશુ અને ભેંસ વિકાસ |
| પેટાસદર | : | ૦૧: એ.એન.એચ.-૮:ચાવીરૂપ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી પશુપાલનની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અધ્યતન ઠરાવ વિગેરે સંબધિત તમામ સુચનાઓને પણ ધ્યાને લઇને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ)ની તા.૧૭/૦૩/૨૦૨૬ તથા અધિક મુખ્ય સચિવશ્રી(પ.પા.)ની તા.૧૮/૦૩/૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રિયંકા ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ-પરિશિષ્ટ-૧,૨,૩,૪ અને ૫

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit ) ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પશુધન શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ-ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ

**પરિશિષ્ટ: ૧**

રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ (ગાય અને ભેંસ) ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજનાની શરતો અને બોલીઓ – વર્ષ ૨૦૨૬-૨૭

1. આ યોજનાનો લાભ રાજ્યના તમામ પશુપાલકોને મળવાપાત્ર થશે
2. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં ભારતીય રીઝર્વ બેંક માન્ય કોઈ પણ બેંકમાંથી ધિરાણ મેળવેલ હોય અથવા મંજુરી હુકમ મળ્યા બાદ એક વર્ષની અંદર ધિરાણ મેળવીને યોજનાનો લાભ મેળવી શકાશે. સહાયનો દાવો રજુ કરતી વખતે ધિરાણ બાબતના દસ્તાવેજો સામેલ રાખવાના રહેશે.
3. આ યોજના હેઠળ લાભાર્થી કે તેના કુટુંબમાંથી કોઇ એક સભ્ય જમીન ધરાવતો હોવો જોઇએ
4. આ મંજુરી અંન્વયે ફાળવેલ ગ્રાંટનો હેતુ વ્યાજ સહાયનો હોય અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી તથા બચત રહેતી રકમ વર્ષ આખરે સરંડર કરવાની રહેશે.
5. આ યોજનાનો લાભ મેળવવા લાભાર્થીએ I Khedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
6. આ યોજના હેઠળ દુધાળા પશુઓ (ગાય અને ભેંસ) ના એકમની સ્થાપના માટે પશુઓની તંદુરસ્તી પ્રમાણપત્ર પશુચિકિત્સા અધિકારી પાસેથી મેળવી રજુ કરવાનુ રહેશે.
7. લાભાર્થીઓને ભારતીય રીઝર્વ બેંક માન્ય કોઈ પણ બેંક મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોય તો જ સહાયને પાત્ર રહેશે
8. આ યોજના હેઠળ દુધાળા પશુઓ (ગાય અને ભેંસ) ના એકમની સ્થાપના માટે દેશી ઓલાદને અગ્રીમતા આપવાની રહેશે. જ્યારે સંકર ગાયના એકમની સ્થાપના પર રાજ્યની પશુસંવર્ધન નીતિ મુજબ યોજનાનો લાભ મળવાપાત્ર થશે
9. વ્યાજ સહાયની રકમ લાભાર્થીના લોન એકાઉન્ટમાં અર્ધવાર્ષિક/ વાર્ષિક હપ્તામાં DIRECT BENEFIT TRANSFAR (D.B.T)થી જમા કરવાની રહેશે.કોઇ પણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવવાની રહેશે નહી.
10. નાબાર્ડ દ્વારા નક્કી થયેલ પશુ એકમની કિંમત અથવા બેંક પશુખરીદી કરવા એકમદીઠ ધિરાણ બંનેમાંથી જે ઓછુ હોય, તેના ઉપર બેંક દ્વારા નક્કી કરેલ ધિરાણનો દર અથવા ૧૨% બંનેમાથી જે ઓછુ હોય તે ચુકવવાનુ રહેશે.
11. આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ પાંચ વર્ષની મુદત સુધી નિભાવવાનુ રહેશે. આ પાંચ વર્ષની મુદ્દત દરમ્યાન કોઇ પશુ મૃત્યુ પામે તો લાભાર્થીએ સ્વખર્ચે પશુ ખરીદી કરી, મુળ પશુ એકમ યુથાવત રાખી પશુપાલન કરવાનું રહેશે. આ માટે સરકારશ્રી દ્વારા કોઈ વધારાની સહાય મળવાપાત્ર રહેશે નહી.
12. અરજદાર લાભાર્થીને બેન્કની લોન અને વ્યાજ પરત ભરપાઇ ન થાય ત્યાં સુધી બીજા એકમ માટેની અરજી ઉપર આ યોજના હેઠળ વ્યાજ સહાય મળવાપાત્ર થશે નહી.
13. લોનની રકમની પરત ચુકવણી પુર્ણ થાય અથવા પાંચ વર્ષ બંનેમાંથી જે વહેલું હશે, તેટલા સમય માટે વ્યાજ સહાય આપવાની રહેશે.
14. આ યોજનાનું અમલીકરણ જીલ્લાના નાયબ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયત દ્વારા કરવાનું રહેશે.
15. The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે..

16. યોજનાના સુચારૂ અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

**પરિશિષ્ટ: ૨**

સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજનાના અમલીકરણ માટેની બોલીઓ અને શરતો :વર્ષ ૨૦૨૬-૨૭

1. આ યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે.સદર યોજનાનો લાભ આજીવન એકજ વખત, કુટુંબ દીઠ કુટુંબના એક જ પુખ્ત વ્યક્તિને મળવાપાત્ર રહેશે.
2. આ યોજનાનું અમલીકરણ ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન (જીસીએમએમએફ), આણંદ દ્વારા કરવાનું રહેશે. યોજનાના અમલીકરણ માટે જીસીએમએમએફ દ્વારા દરેક જીલ્લામાં સંબંધિત જીલ્લા ડેરી સંઘના સંકલનમાં, સદર યોજના અંતર્ગત એક અધિકૃત અધિકારી નિયત કરવામાં આવશે, જે સંબંધિત જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયતના સંકલનમાં યોજનાના સુચારુંં અમલીકરણ અંગેની કામગીરી કરશે.
3. આ યોજનાનો લાભ રાજ્યના તમામ લોકોને (જીલ્લાના દુધ સંઘના સભાસદ હોય કે ન હોય) મળવાપાત્ર થશે.
4. આ યોજનાનો લાભ સ્વસહાય જુથને પણ મળવાપાત્ર થશે.
5. પશુપાલકે ૧૨ (બાર) દુધાળા પશુઓ (ગાય/ભેંસ)ની નવી ખરીદી તથા ડેરી ફાર્મનું નિયત માપદંડ મુજબ થયેલ નવું બાંધકામ માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે, રીનોવેશન અને રીપેરીંગ માટે યોજના હેઠળ સહાય મળવા પાત્ર નથી.
6. લાભાર્થી પોતાની માલિકીની જમીન અથવા વારસાઇ હક અથવા ભોગવટાની જમીન ધરાવતા હોવા જોઇએ. તદ્ઉપરાંત, લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીન પર ઓછામાં ઓછા ૭ (સાત) વર્ષના ભાડા કરાર ઉપર પણ ડેરી ફાર્મની સ્થાપના કરી શકશે.
7. રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા/બેન્કમાંથી વર્ષ ૨૦૨૬-૨૭ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે રિઝર્વ બેંક માન્ય નાણાંકિય સંસ્થા/બેંકમાંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યા બાદજ I khedut(આઇ ખેડુત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
8. પશુ ખરીદી માટે બેંક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંનેમાંથી જે ઓછી રકમ હોય તેના પર ૭.૫ % વ્યાજ સહાય ૫ (પાંચ) વર્ષ સુધી મળવાપાત્ર થશે.
9. પશુ ખરીદી માટે બેંક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંનેમાંથી જે ઓછી રકમ હોય તેના પર અનુસુચિત જાતિ, અનુસુચિત જન-જાતિના લાભાર્થી તેમજ કોઇપણ જાતિના મહિલા લાભાર્થીને એક ટકા વધારે એટલે કે ૮.૫% વ્યાજ સહાય ૫ (પાંચ) વર્ષ સુધી મળવાપાત્ર થશે.
10. લાભાર્થીને નિયત માપદંડ મુજબ થયેલ ડેરી ફાર્મના બાંધકામના ખર્ચના ૫૦% અથવા મહત્તમ રૂ. ૧.૫૦ લાખ બંનેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય રૂપે મળવાપાત્ર થશે.
11. લાભાર્થીને ઇલેક્ટ્રીક ચાફકટર પર યુનિટ કોસ્ટ (૨૪૦૦૦)ના ૭૫% લેખે મહત્તમ રૂ.૧૮,૦૦૦/-, ફોગર સીસ્ટમ પર યુનિટ કોસ્ટ (૧૨૦૦૦)ના ૭૫% લેખે મહત્તમ રૂ.૯,૦૦૦/- અને મીલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના (૪૫૦૦૦) ના ૭૫% લેખે મહત્તમ રૂ.૩૩,૭૫૦/- સહાયરૂપે મળવાપાત્ર થશે.

12. પશુપાલકે પશુઓનો ત્રણ વર્ષનો વિમો એક સાથે લેવાનો રહેશે, જે માટે પશુ વિમાની રકમના ૭૫% લેખે મહત્તમ રૂ. ૪૩,૨૦૦/- મુજબ સહાય મળવાપાત્ર થશે.
13. લાભાર્થીને બેંકમાંથી લોન મળી રહે તે માટે જીસીએમએમએફ તથા સંબંધિત જીલ્લાના ડેરી સંઘ દ્વારા બેંક સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે.
14. આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ I khedut પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.
15. લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો/દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન I khedut પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે, અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી ઉપર દર્શાવેલ ઓફિસ/કચેરીના સરનામે નિયત સમય મર્યાદામાં (૭ દિવસમાં) રજુ કરવાના રહેશે.
16. લાભાર્થીએ આ યોજના હેઠળની પશુ ખરીદી, પશુ માટેના શેડ, પશુઓના વીમા તેમજ સાધનો પર સહાય મેળવવા માટે, સરકારશ્રીની આ પ્રકારની અન્ય યોજનાનો લાભ મેળવેલ નથી, તેમજ ભવિષ્યમાં તેના પર અન્ય જગ્યાએથી મેળવશે પણ નહીં તે મુજબની બાંહેધરી આપવાની રહેશે.
17. યોજના અંતર્ગત મળેલ અરજીઓની જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી દ્વારા ચકાસણી કરી I khedut પોર્ટલ ઉપર પાત્રતા (Eligible) નિયત કરશે.
18. આ યોજના તળે પશુપાલન ખાતા દ્વારા જીલ્લાવાર નિયત થયેલ ભૌતિક લક્ષ્યાંક મુજબ જ જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા કામગીરી કરવાની રહેશે. ઓનલાઇન થયેલ અરજીના આધારે પશુપાલન ખાતા દ્વારા લક્ષ્યાંકની સમીક્ષા કરી જીલ્લાવાર નિયત થયેલ લક્ષ્યાંકમાં ફેરફાર કરી શકાશે.
19. આ યોજના હેઠળ સહાય માટે પશુ ખરીદી, ડેરી ફાર્મનું બાંધકામ તથા પશુઓનો વિમો, આ ત્રણ કોમ્પોનન્ટ ફરજીયાત છે.આ ઉપરાંત ઇલેક્ટ્રીક ચાફકટર, મીલ્કીંગ મશીન તથા ફોગર સીસ્ટમ પૈકી જરૂરિયાત મુજબના કોમ્પોનન્ટની સહાય મેળવી શકાશે.
20. લાભાર્થી દ્વારા બેંક લોનના હપ્તાનું નિયમિત ચુકવણૂં કરવાનું રહેશે. લાભાર્થી અર્ધ વાર્ષિક/વાર્ષિક સમયગાળાના ત્રણ કે તેથી વધારે માસિક હપ્તા ભરવામાં નિષ્ફળ જશે તો, તે સમયગાળાની વ્યાજ સહાય ચુકવવામાં આવશે નહિં.
21. પશુપાલકે ૧૨ (બાર) દુધાળા પશુઓ (ગાય/ભેંસ)ની નવી ખરીદી તથા ડેરી ફાર્મનું નિયત માપદંડ મુજબ થયેલ નવું બાંધકામ ઓછામાં ઓછું ૧૬૦૦ ચો.ફૂટ (૬૦૦ ચો.ફૂટ શેડ તથા ૧૦૦૦ ચો.ફૂટ ખુલ્લી જગ્યા કંમ્પાઉન્ડ સાથે) માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
22. ડેરી ફાર્મ-કેટલ શેડના રીનોવેશન અને રીપેરીંગ માટે યોજના હેઠળ સહાય મળવા પાત્ર નથી. શેડનું બાંધકામ વૈજ્ઞાનિક અભિગમ મુજબનું ટકાઉ, આરામદાયક તથા પશુને વરસાદ, ઠંડી તથા ગરમીથી રક્ષણ આપે તેવું હોવું જોઇએ. વધુમાં કેટલ શેડમાં ગમાણ તથા પશુને જરૂરીયાત પ્રમાણે પૂરતું પાણી મળી રહે તેવી સુવિધા હોવી જોઇએ.
23. યોજના અંતર્ગત સ્થપાયેલ ડેરી ફાર્મ ખાતેના પશુઓનું સંવર્ધન કૃત્રિમ બીજદાન થકી કરવાનું રહેશે. તદ્‌ઉપરાંત રોગ નિયંત્રણ માટે વખતો વખત રસીકરણ, વર્ષમાં ઓછામાં ઓછું બે વખત કૃમિનાશક દવાનો ડોઝ આપવાનો રહેશે તથા બીમાર પશુની સમયસર સારવાર કરાવવાની રહેશે.
24. ઇલેક્ટ્રીક ચાફકટર સરકારશ્રી દ્વારા નિયત થયેલ એમ્પેનેલ્ડ એજન્સી પાસેથી જ ખરીદવાના રહેશે.
25. લાભાર્થીએ યોજના હેઠળના પશુઓને યોજનાના સમયગાળા દરમ્યાન ૫ (પાંચ) વર્ષ સુધી વીમા કવચથી આવરી લેવાના રહેશે, તથા પશુ મરણના કિસ્સામાં સ્વ ખર્ચે પશુ ખરીદ કરી યોજના મુજબની ૧૨ (બાર) પશુઓની સંખ્યા ૫ (પાંચ) વર્ષ સુધી જાળવી રાખવાની રહેશે. પશુ મરણના કિસ્સામાં વીમા અંગેની કાર્યવાહી માટે લાભાર્થીને સહાયભૂત થવા વીમા કંપની સાથે દૂધ સંઘ દ્વારા સંકલન કરી કાર્યવાહી કરવાની રહેશે.

26. વ્યાજસહાય અર્ધવાર્ષિક/વાર્ષિક સમયગાળા માટેની ચુકવવાની રહેશે.
27. જીલ્લા અમલીકરણ કમિટીની મંજુરી મેળવ્યા બાદ લાભાર્થીને સહાયનું ચુકવણું કરવામાં આવશે.
28. જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી લાભાર્થીને વ્યાજ સહાય ચુકવવા સંબંધિત બેંક પાસેથી લાભાર્થીના લોન એકાઉન્ટનું સ્ટેટમેન્ટ મેળવીને નિયમોનુસારની વ્યાજ સહાયની રકમ લાભાર્થીના લોન એકાઉન્ટમાં (DBT) જમા કરાવવાની રહેશે.
29. લાભાર્થીના ડેરી ફાર્મના સ્થળે સાઇન બોર્ડ લગાવી તેમાં નીચે જણાવેલ વિગતો પ્રદર્શીત કરવાની રહેશે.:

(૧) યોજનાનું નામ - "સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય" પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય,વર્ષ – ૨૦૨૬-૨૭

(૨) લાભાર્થીનુંનામ: ...............................................................................

(૩) પ્રોજેક્ટ ખર્ચ: રૂ. ..................................

(૪) સહાયની રકમ: રૂ. .......................

30. આ યોજનાનું જીલ્લાવાર ડોક્યુમેન્ટેશન તથા થર્ડ પાર્ટી મુલ્યાંકન જીસીએમએમએફ દ્વારા કરાવવાનું રહેશે તથા નિયત થયેલ રજીસ્ટર અને રેકર્ડ નિભાવવાના રહેશે.
31. લાભાર્થી પશુપાલકે ડેરી ફાર્મના નિયત થયેલ રજીસ્ટર રેકર્ડ નિભાવવાના રહેશે તથા પશુપાલન ખાતાના અધિકારી જ્યારે પણ ચકાસવા માંગે ત્યારે રજુ કરવાના રહેશે.
32. આ યોજનાનો માસિક પ્રગતિ અહેવાલ (ભૌતિક અને નાણાંકિય) નિયત નમુનામાં દર માસની ૧૫ (પંદર) તારીખ સુધીમાં જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી દ્વારા જીલ્લાની પશુપાલન કચેરી ખાતે મોકલી આપવાનો રહેશે.
33. આ યોજના હેઠળ મંજુરી મળ્યા બાદ લાભાર્થીએ યુનિટ સ્થાપનાની કામગીરી પુર્ણ કરી મંજુરી મળ્યા તારીખથી ૧ (એક) વર્ષમાં સહાયનો દાવો રજુ કરવાનો રહેશે. જો ધિરાણ આપનાર સંસ્થા આ યોજના હેઠળ લાભાર્થીને ૧૨ પશુનું ધિરાણ બે હપ્તામાં (પ્રથમ ધિરાણ બાદ ૬ માસ પછી બીજો હપ્તો) આપે તેવા કિસ્સામાં પ્રથમ ૬ પશુની ખરીદી માટે ધિરાણ આપનાર સંસ્થા ધિરાણ આપે ત્યારે લાભાર્થીએ ૬ પશુના ત્રણ વર્ષના પશુ વિમાની રકમ પર સહાય, કેટલશેડ બાંધકામ પર સહાય તથા લાગુ પડતા ચાફકટર, મીલ્કીંગ મશીન, ફોગર સીસ્ટમની ખરીદી પર પ્રથમ હપ્તાની સહાયનો દાવો રજુ કરવાનો રહેશે તેમજ નિયમોનુસાર પ્રથમ હપ્તાની સહાય મંજુર કરી ચુકવવાની રહેશે. પ્રથમ ધિરાણના ૬ માસ બાદ બીજા ૬ પશુની ખરીદી માટે ધિરાણ આપનાર સંસ્થા ધિરાણ આપે ત્યારે લાભાર્થીએ બાકીના ૬ પશુઓના ત્રણ વર્ષના પશુ વિમાની રકમ પર સહાયનો દાવો રજુ કરવાનો રહેશે તેમજ નિયમોનુસાર બીજા હપ્તાની સહાય મંજુર કરી ચુકવવાની રહેશે. આમ લાભાર્થીએ સંપુર્ણ યુનિટ સ્થાપી મહત્તમ ૨ (બે) હપ્તામાં સહાયનો દાવો રજુ કરવાનો રહેશે તથા ૨ (બે) હપ્તામાં નિયમોનુસાર સહાય મંજુર કરી ચુકવવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ દાવા ઉપર સહાય મળવાપાત્ર થશે નહીં. જે લાભાર્થી પશુપાલકને સહાય મંજૂર કરવામાં આવી હોય અને તમામ પ્રક્રિયા પુર્ણ થઇ ચુકી હોય પંરતુ માત્ર સહાય ચુકવવાની જ બાકી હોય તેવા લાભાર્થીઓને આગામી વર્ષની જોગવાઇમાંથી સહાય ચુકવી શકાશે.
34. આ યોજના હેઠળ ૧૨ પશુઓની ખરીદી માટેની યોજનાની અરજીની મંજૂરી મળ્યા બાદ અનુસુચિત જાતિ તથા જન-જાતિના પશુપાલકો ૩ દુધાળા પશુઓ ચાર હપ્તામાં ખરીદી કરી શકશે અને ૬ પશુઓની ખરીદી પુર્ણ કર્યા પછી પ્રથમ હપ્તાની સહાયનો દાવો રજૂ કરવાનો રહેશે.

35. સદર યોજનાના મોનીટરીંગ અને રીવ્યુ માટે દરેક જીલ્લા માટે, જીલ્લા કક્ષાએ એક તથા રાજ્ય કક્ષાએ એક કમિટીની રચના કરવાની રહેશે.

- જીલ્લા કક્ષાની મોનિટરીંગ અને રીવ્યુ કમિટી

જીલ્લા વિકાસ અધિકારીશ્રી -- અધ્યક્ષ

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીલ્લા દૂધ સંઘ -- સભ્ય

જીસીએમએમએફ, આણંદના અધિકારી -- સભ્ય

જીલ્લા કક્ષાના લીડ બેન્કના નોડલ અધિકારી -- સભ્ય

જીલ્લા કક્ષાના નાબાર્ડના અધિકારી -- સભ્ય

નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત -- સભ્ય સચિવ

- રાજ્ય કક્ષાની મોનીટરીંગ અને રીવ્યુ કમિટી

સચિવશ્રી, પશુપાલન -- અધ્યક્ષ

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીસીએમએમએફ, આણંદ -- સભ્ય

નાણાં સલાહકારશ્રી, કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ-- સભ્ય

ચીફ જનરલ મેનેજરશ્રી, નાબાર્ડ, અમદાવાદ -- સભ્ય

રાજ્યકક્ષાના લીડ બેન્કના નોડલ અધિકારી -- સભ્ય

પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર -- સભ્ય સચિવ

36. જીલ્લા કક્ષાએ યોજનાનું અમલીકરણ જીલ્લા અમલીકરણ કમીટી દ્વારા કરવાનું રહેશે. સદર કમિટી નીચે મુજબની રહેશે.

જીલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- અધ્યક્ષ

જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી -- સભ્ય સચિવ

રાજ્ય કક્ષાની કચેરીના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- સભ્ય

સદર કમીટીની કામગીરી નીચે મુજબની રહેશે.

a. આવેલ અરજીઓની ચકાસણી કરી મંજુર કરવી
b. પશુપાલકો દ્વારા રજુ કરવામાં આવેલ દાવાઓની ચકાસણી કરવી
c. ઓછામાં ઓછા ૧૦% કેસોનું સ્થળ વેરીફીકેશન કરવું.
d. યોજના અંતર્ગતનું ચૂકવણું કરવું.

37. સદર યોજનાની સમીક્ષા જીલ્લા કક્ષાએ મળતી ત્રિમાસિક જીલ્લા કક્ષાની સંકલન સમિતી (DLCC) ના બેઠકમાં અચુક કરવાના રહેશે.
38. લાભાર્થીએ સહાય અંગેના દાવાની અરજી જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી (નોડલ અધિકારીશ્રી)ને રજૂ કરશે. જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રીએ યુનિટ પુર્ણ કર્યાની ચકાસણી કરી પુર્ણતા પ્રમાણપત્ર સાથેનો યોજના અંતર્ગતનો સહાયનો દાવો જીલ્લા અમલીકરણ કમીટી સમક્ષ રજુ કરવાનો રહેશે.
39. સહાયની તમામ રકમ લાભાર્થીના લોન/બેન્ક એકાઉન્ટમાં જ (Direct Benefit Transfer) જમા કરાવવાની રહેશે.
40. સદર યોજના અંતર્ગત અમલીકરણ એજન્સી જીસીએમએમએફને વહીવટી ખર્ચ પેટે યોજના પેટે થનાર ખર્ચના ૧% મુજબ મળવાપાત્ર રહેશે.
41. રાજ્યમાં સ્થાનિક ઓલાદના ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધનને ખાસ પ્રોત્સાહન આપવા માટે નીચેની વિગતે વિશિષ્ઠ સહાય મળવાપાત્ર થશે:
    1. ગીર અને કાંકરેજ ગાયની ખરીદી માટે બેન્ક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંનેમાંથી જે ઓછી રકમ હોય તેના પર મહત્તમ ૧૨% લેખે વ્યાજ સહાય ૫ (પાંચ) વર્ષ સુધી મળવાપાત્ર થશે.
    2. લાભાર્થીને નિયત માપદંડ મુજબ થયેલ ડેરી ફાર્મના બાંધકામના ખર્ચના ૭૫% અથવા મહત્તમ રૂ. ૨,૨૫,૦૦૦/- બંનેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય રૂપે મળવાપાત્ર થશે.
    3. લાભાર્થીને ઇલેક્ટ્રિક ચાફકટર પર યુનિટ કોસ્ટ (૨૪૦૦૦)ના ૯૦% લેખે મહત્તમ રૂ. ૨૧,૬૦૦/-, ફોગર સીસ્ટમ પર યુનિટ કોસ્ટ (૧૨૦૦૦)ના ૯૦% લેખે મહત્તમ રૂ. ૧૦,૮૦૦/-, મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના (૪૫૦૦૦) ૯૦% લેખે મહત્તમ રૂ. ૪૦,૫૦૦/- સહાય રૂપે મળવાપાત્ર થશે.
    4. પશુવિમાની રકમના ૯૦% લેખે મહત્તમ રૂ. ૫૧,૮૪૦/- સહાય મળવાપાત્ર થશે.
42. The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે..
43. યોજનાના સુચારૂ અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

## પરિશિષ્ટ: ૩

પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૨૫ થી ૫૦ દુધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાયની યોજનાના અમલીકરણ માટેની બોલીઓ અને શરતો:વર્ષ ૨૦૨૬-૨૭

1. રાજ્યમાં સ્થાનિક ઓલાદના ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધનને ખાસ પ્રોત્સાહન આપવાનો યોજનાનો મુખ્ય હેતુ છે. યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે. સદર યોજનાનો લાભ આજીવન એકજ વખત, કુટુંબ દીઠ કુટુંબના એક જ પુખ્ત વ્યક્તિને મળવાપાત્ર રહેશે.

2. આ યોજનાનું અમલીકરણ ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન (જીસીએમએમએફ), આણંદ દ્વારા કરવાનું રહેશે. યોજનાના અમલીકરણ માટે જીસીએમએમએફ દ્વારા દરેક જીલ્લામાં સંબંધિત જીલ્લા ડેરી સંઘના સંકલનમાં, સદર યોજના અંતર્ગત એક અધિકૃત અધિકારી નિયત કરવામાં આવશે, જે સંબંધિત જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયતના સંકલનમાં યોજનાના સુચારું અમલીકરણ અંગેની કામગીરી કરશે.
3. આ યોજનાનો લાભ રાજ્યના તમામ લોકોને (જીલ્લાના દુધ સંઘના સભાસદ હોય કે ન હોય) મળવાપાત્ર થશે.
4. આ યોજનાનો લાભ સ્વસહાય જુથને પણ મળવાપાત્ર થશે.
5. પશુપાલકે ૨૫ થી ૫૦ (પચ્ચીસ થી પચાસ) દેશી દુધાળા પશુઓ ( કાંકરેજ /ગીર ગાય) ની નવી ખરીદી તથા ડેરી ફાર્મનું નિયત માપદંડ મુજબ થયેલ નવું બાંધકામ માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે, રીનોવેશન અને રીપેરીંગ માટે યોજના હેઠળ સહાય મળવા પાત્ર નથી.
6. લાભાર્થી પોતાની માલિકીની જમીન અથવા વારસાઇ હક અથવા ભોગવટાની જમીન ધરાવતા હોવા જોઇએ. તદ્ઉપરાંત, લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીન પર ઓછામાં ઓછા ૭ (સાત) વર્ષના ભાડા કરાર ઉપર પણ ડેરી ફાર્મની સ્થાપના કરી શકશે.
7. રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા/બેન્કમાંથી વર્ષ ૨૦૨૬-૨૭ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે રિઝર્વ બેંક માન્ય નાણાંકિય સંસ્થા/બેંકમાંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યા બાદજ I khedut (આઇ ખેડુત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
8. પશુ ખરીદી માટે બેંક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંનેમાંથી જે ઓછી રકમ હોય તેના પર ૭.૫% વ્યાજ સહાય ૫ (પાંચ) વર્ષ સુધી મળવાપાત્ર થશે.
9. લાભાર્થીને નિયત માપદંડ મુજબ કરેલ બાંધકામ ખર્ચ અંદાજિત રૂ.૨૦,૦૦૦ પ્રતિ પશુના ૫૦% મુજબ મહત્તમ રૂ.૧૦,૦૦૦ પ્રતિ પશુની મર્યાદામાં (વધુમાં વધુ ૫૦ પશુઓ માટે) સહાયરૂપે મળવાપાત્ર થશે.
10. લાભાર્થીને ઇલેક્ટ્રીક ચાફકટર પર યુનિટ કોસ્ટ (રૂ.૪૦,૦૦૦)ના ૭૫% લેખે મહત્તમ રૂ.૩૦,૦૦૦, ફોગર યુનીટ માટે (યુનીટ કોસ્ટ રૂ.૩૦,૦૦૦) ના ૭૫% લેખે મહત્તમ રૂ.૨૨,૫૦૦ અને મીલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટ (રૂ.૭૫,૦૦૦) ના ૭૫% લેખે મહત્તમ રૂ.૫૬,૨૫૦/- સહાયરૂપે મળવાપાત્ર થશે.
11. પશુપાલકે પશુઓનો ત્રણ વર્ષનો વિમો એક સાથે લેવાનો રહેશે. પશુ વિમા પ્રિમિયમ (અંદાજીત યુનીટ કોસ્ટના ૮%) ના ૭૫% લેખે પ્રતિ પશુ મહત્તમ રૂ.૩,૬૦૦/- મુજબ (વધુમાં વધુ ૫૦ પશુઓ માટે) સહાય મળવાપાત્ર થશે.
12. લાભાર્થીને બેંકમાંથી લોન મળી રહે તે માટે જીસીએમએમએફ તથા સંબંધિત જીલ્લાના ડેરી સંઘ દ્વારા બેંક સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે.
13. આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ I khedut પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.
14. લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો/દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન I khedut પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે, અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી ઉપર દર્શાવેલ ઓફિસ/કચેરીના સરનામે નિયત સમય મર્યાદામાં (૭ દિવસમાં) રજુ કરવાના રહેશે.
15. લાભાર્થીએ આ યોજના હેઠળની પશુખરીદી, પશુ માટેના શેડ, પશુઓના વીમા તેમજ સાધનો પર સહાય મેળવવા માટે, સરકારશ્રીની આ પ્રકારની અન્ય યોજનાનો લાભ મેળવેલ નથી, તેમજ ભવિષ્યમાં તેના પર અન્ય જગ્યાએથી મેળવશે પણ નહીં તે મુજબની બાંહેધરી આપવાની રહેશે.
16. યોજના અંતર્ગત મળેલ અરજીઓની જીસીએમએમએફ/ જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી દ્વારા ચકાસણી કરી I

khedut પોટેલ ઉપર પાત્રતા (Eligible) નિયત કરશે.

17. આ યોજના તળે પશુપાલન ખાતા દ્વારા જીલ્લાવાર નિયત થયેલ ભૌતિક લક્ષ્યાંક મુજબ જ જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા કામગીરી કરવાની રહેશે. ઓનલાઇન થયેલ અરજીના આધારે પશુપાલન ખાતા દ્વારા લક્ષ્યાંકની સમીક્ષા કરી જીલ્લાવાર નિયત થયેલ લક્ષ્યાંકમાં ફેરફાર કરી શકાશે.
18. આ યોજના હેઠળ સહાય માટે પશુ ખરીદી, ડેરી ફાર્મનું બાંધકામ તથા પશુઓનો વિમો, આ ત્રણ કોમ્પોનન્ટ ફરજીયાત છે. આ ઉપરાંત ઇલેક્ટ્રીક ચાફકટર, મીલ્કીંગ મશીન તથા ફોગર સીસ્ટમ પૈકી જરૂરિયાત મુજબના કોમ્પોનન્ટની સહાય મેળવી શકાશે.
19. લાભાર્થી દ્વારા બેંક લોનના હપ્તાનું નિયમિત ચુકવણૂં કરવાનું રહેશે. લાભાર્થી અર્ધ વાર્ષિક/વાર્ષિક સમયગાળાના ત્રણ કે તેથી વધારે માસિક હપ્તા ભરવામાં નિષ્ફળ જશે તો, તે સમયગાળાની વ્યાજ સહાય ચુકવવામાં આવશે નહિં.
20. પશુપાલકે ૨૫ થી ૫૦ (પચ્ચીસ થી પચાસ) દેશી દુધાળા પશુઓ (કાંકરેજ /ગીર ગાય)ની નવી ખરીદી તથા ડેરી ફાર્મનું નિયત માપદંડ મુજબ થયેલ નવું બાંધકામ ઓછામાં ઓછું ૧૪૦ ચો.ફૂટ પ્રતિ પશુ (૫૦ ચો.ફૂટ શેડ તથા ૯૦ ચો.ફૂટ ખુલ્લી જગ્યા કંમ્પાઉન્ડ સાથે) માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે
21. ડેરી ફાર્મ-કેટલ શેડના રીનોવેશન અને રીપેરીંગ માટે યોજના હેઠળ સહાય મળવા પાત્ર નથી. શેડનું બાંધકામ વૈજ્ઞાનિક અભિગમ મુજબનું ટકાઉ, આરામદાયક તથા પશુને વરસાદ, ઠંડી તથા ગરમીથી રક્ષણ આપે તેવું હોવું જોઇએ. વધુમાં કેટલ શેડમાં ગમાણ તથા પશુને જરૂરીયાત પ્રમાણે પૂરતું પાણી મળી રહે તેવી સુવિધા હોવી જોઇએ.
22. યોજના અંતર્ગત સ્થપાયેલ ડેરી ફાર્મ ખાતેના પશુઓનું સંવર્ધન કૃત્રિમ બીજદાન થકી કરવાનું રહેશે. તદ્ઉપરાંત રોગ નિયંત્રણ માટે વખતો વખત રસીકરણ, વર્ષમાં ઓછામાં ઓછું બે વખત કૃમિનાશક દવાનો ડોઝ આપવાનો રહેશે તથા બિમાર પશુની સમયસર સારવાર કરાવવાની રહેશે.
23. ઇલેક્ટ્રીક ચાફકટર સરકારશ્રી દ્વારા નિયત થયેલ એમ્પેનેલ્ડ એજન્સી પાસેથી જ ખરીદવાના રહેશે.
24. લાભાર્થીએ યોજના હેઠળના પશુઓને યોજનાના સમયગાળા દરમ્યાન ૫ (પાંચ) વર્ષ સુધી વીમા કવચથી આવરી લેવાના રહેશે, તથા પશુ મરણના કિસ્સામાં સ્વખર્ચે પશુ ખરીદ કરી યોજના મુજબના પશુઓની સંખ્યા ૫ (પાંચ) વર્ષ સુધી જાળવી રાખવાની રહેશે. પશુ મરણના કિસ્સામાં વીમા અંગેની કાર્યવાહી માટે લાભાર્થીને સહાયભૂત થવા વીમા કંપની સાથે દૂધ સંઘ દ્વારા સંકલન કરી કાર્યવાહી કરવાની રહેશે.
25. વ્યાજ સહાય અર્ધવાર્ષિક/વાર્ષિક સમયગાળા માટેની ચુકવવાની રહેશે.
26. જીલ્લા અમલીકરણ કમિટીની મંજુરી મેળવ્યા બાદ લાભાર્થીને સહાયનું ચુકવણું કરવામાં આવશે.
27. જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી લાભાર્થીને વ્યાજ સહાય ચુકવવા સંબંધિત બેંક પાસેથી લાભર્થીના લોન એકાઉન્ટનું સ્ટેટમેન્ટ મેળવીને નિયમોનુસારની વ્યાજ સહાયની રકમ લાભાર્થીના લોન એકાઉન્ટમાં (DBT) જમા કરાવવાની રહેશે.
28. લાભાર્થીના ડેરી ફાર્મના સ્થળે સાઇન બોર્ડ લગાવી તેમાં નીચે જણાવેલ વિગતો પ્રદર્શીત કરવાની રહેશે.:

(૧) યોજનાનું નામ - “પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૨૫ થી ૫૦ દુધાળા પશુઓ(કાંકરેજ અને ગીર ગાય)ના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના” પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, વર્ષ – ૨૦૨૬-૨૭

(૨) લાભાર્થીનું નામ:....................................

(૩) પ્રોજેક્ટ ખર્ચ: રૂ. ................................

(૪) સહાયની રકમ: રૂ. .....................

29. આ યોજનાનું જીલ્લાવાર ડોક્યુમેન્ટેશન તથા થર્ડ પાર્ટી મુલ્યાંકન જીસીએમએમએફ દ્વારા કરાવવાનું રહેશે તથા નિયત થયેલ રજીસ્ટર અને રેકર્ડ નિભાવવાના રહેશે.
30. લાભાર્થી પશુપાલકે ડેરી ફાર્મના નિયત થયેલ રજીસ્ટર રેકર્ડ નિભાવવાના રહેશે તથા પશુપાલન ખાતાના અધિકારી જ્યારે પણ ચકાસવા માંગે ત્યારે રજુ કરવાના રહેશે.
31. આ યોજનાનો માસિક પ્રગતિ અહેવાલ (ભૌતિક અને નાણાંકિય) નિયત નમુનામાં દર માસની ૧૫ (પંદર) તારીખ સુધીમાં જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારી દ્વારા જીલ્લાની પશુપાલન કચેરી ખાતે મોકલી આપવાનો રહેશે.
32. આ યોજના હેઠળ મંજૂરી મળ્યા બાદની તારીખથી એક વર્ષની અંદર સહાયનો દાવો રજૂ કરવાનો રહેશે. ધિરાણ આપનાર સંસ્થા આ યોજના હેઠળ લાભાર્થીને ૨૫ થી ૫૦ પશુઓનું ધિરાણ બે હપ્તામાં (પ્રથમ ધિરાણ બાદ ૬ માસ પછી બીજો હપ્તો) આપે તેવા કિસ્સામાં પ્રથમ હપ્તો મળ્યા પછી કુલ મંજૂર પશુઓના ૫૦ ટકા કે તેથી વધુ પશુઓનો ત્રણ વર્ષનો વીમો, બાંધકામ પર સહાય તથા લાગુ પડતા ચાફકટર, મિલ્કી મશીન, ફોગર સિસ્ટમની ખરીદી પર પ્રથમ હપ્તાની સહાયનો દાવો રજૂ કરવાનો રહેશે તેમજ નિયમ અનુસાર પ્રથમ હપ્તાની સહાય મંજૂર કરી ચૂકવવાની રહેશે. પ્રથમ ધિરાણના છ માસ બાદ યુનિટમાં બાકી રહેલા તમામ પશુઓ માટે ધિરાણ આપનાર સંસ્થા ધિરાણ આપે ત્યારે લાભાર્થીએ બાકી રહેલા પશુઓની ખરીદી કરી, ત્રણ વર્ષનો પશુ વીમો લઇ પશુ વીમાની રકમ પર સહાયનો દાવો રજુ કરવાનો રહેશે. તેમજ નિયમોનુસાર બીજા હપ્તાની સહાય મંજૂર કરી ચુકવવાની રહેશે. આમ લાભાર્થીએ સંપુર્ણ યુનિટ સ્થાપી મહત્તમ ૨ (બે) હપ્તામાં સહાયનો દાવો રજુ કરવાનો રહેશે તથા ૨ (બે) હપ્તામાં નિયમોનુસાર સહાય મંજુર કરી ચુકવવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ દાવા ઉપર સહાય મળવાપાત્ર થશે નહી. જે લાભાર્થી પશુપાલકને સહાય મંજુર કરવામાં આવી હોય અને તમામ પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી હોય પરંતુ માત્ર સહાય ચૂકવવાની જ બાકી હોય તેવા લાભાર્થીઓને આગામી વર્ષની જોગવાઇમાંથી સહાય ચૂકવી શકાશે.
33. સદર યોજનાના મોનીટરીંગ અને રીવ્યુ માટે દરેક જીલ્લા માટે, જીલ્લા કક્ષાએ એક તથા રાજ્ય કક્ષાએ એક કમિટીની રચના કરવાની રહેશે.

- જીલ્લા કક્ષાની મોનિટરીંગ અને રીવ્યુ કમિટી

જીલ્લા વિકાસ અધિકારીશ્રી -- અધ્યક્ષ

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીલ્લા દૂધ સંઘ -- સભ્ય

જીસીએમએમએફ, આણંદના અધિકારી -- સભ્ય

જીલ્લા કક્ષાના લીડ બેન્કના નોડલ અધિકારી -- સભ્ય

જીલ્લા કક્ષાના નાબાર્ડના અધિકારી -- સભ્ય

નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત -- સભ્ય સચિવ

- રાજ્ય કક્ષાની મોનીટરીંગ અને રીવ્યુ કમિટી

સચિવશ્રી, પશુપાલન -- અધ્યક્ષ

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીસીએમએમએફ, આણંદ -- સભ્ય

નાણાં સલાહકારશ્રી, કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ-- સભ્ય

ચીફ જનરલ મેનેજરશ્રી, નાબાર્ડ, અમદાવાદ -- સભ્ય

રાજ્યકક્ષાના લીડ બેન્કના નોડલ અધિકારી -- સભ્ય

પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર -- સભ્ય સચિવ

34. જીલ્લા કક્ષાએ યોજનાનું અમલીકરણ જીલ્લા અમલીકરણ કમીટી દ્વારા કરવાનું રહેશે. સદર કમિટી નીચે મુજબની રહેશે.

જીલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- અધ્યક્ષ

જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી -- સભ્ય સચિવ

રાજ્ય કક્ષાની કચેરીના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- સભ્ય

સદર કમીટીની કામગીરી નીચે મુજબની રહેશે.

e. આવેલ અરજીઓની ચકાસણી કરી મંજુર કરવી
f. પશુપાલકો દ્વારા રજુ કરવામાં આવેલ દાવાઓની ચકાસણી કરવી
g. ૧૦૦ % કેસોનું સ્થળ વેરીફીકેશન કરવું.
h. યોજના અંતર્ગતનું ચૂકવણું કરવું.

35. સદર યોજનાની સમીક્ષા જીલ્લા કક્ષાએ મળતી ત્રિમાસિક જીલ્લા કક્ષાની સંકલન સમિતી (DLCC)ની બેઠકમાં અચુક કરવાની રહેશે.
36. લાભાર્થીએ સહાય અંગેના દાવાની અરજી જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી (નોડલ અધિકારીશ્રી)ને રજૂ કરશે. જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રીએ યુનિટ પુર્ણ કર્યાની ચકાસણી કરી પુર્ણતા પ્રમાણપત્ર સાથેનો યોજના અંતર્ગતનો સહાયનો દાવો જીલ્લા અમલીકરણ કમીટી સમક્ષ રજુ કરવાનો રહેશે.
37. સહાયની તમામ રકમ લાભાર્થીના લોન/બેન્ક એકાઉન્ટમાં જ (Direct Benefit Transfer) જમા કરાવવાની રહેશે.
38. સદર યોજના અંતર્ગત અમલીકરણ એજન્સી જીસીએમએમએફને વહીવટી ખર્ચ પેટે યોજના પેટે થનાર ખર્ચના ૧% મુજબ મળવાપાત્ર રહેશે.
39. The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓનેલાભ આપવાનો રહેશે.
40. યોજનાના સુચારૂ અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

**પરિશિષ્ટ: ૪**

પાડી-વાછરડી ઉછેર માટે સહાયની યોજનાના અમલીકરણ માટેની બોલીઓ અને શરતો : વર્ષ ૨૦૨૬-૨૭

1. આ યોજનાનું અમલીકરણ જિલ્લાના નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત દ્વારા કરવાનું રહેશે.
2. આ યોજનાનો લાભ રાજ્યના તમામ પશુપાલકોને (જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘના સભાસદ હોય કે ન હોય) મળવાપાત્ર થશે.
3. આ યોજનાના રાજ્ય કક્ષાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે. સદર યોજનાના અમલીકરણ બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પશુપાલન નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે.
4. યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સંબધિત જિલ્લા પંચાયતના અમલીકરણ અધિકારી નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રીને ફાળવવાની રહેશે.
5. યોજનાનો લાભ મેળવવા અરજદારે I-khedut (આઇ-ખેડૂત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
6. યોજનાનો લાભ કુટુંબ દીઠ એક જ પશુપાલકને વર્ષમાં એક જ પાડી/ વાછરડી માટે મળવાપાત્ર રહેશે.
7. અરજી કર્યાની તારીખે પાડી/વાછરડીની ઉંમર ૩ થી ૬ માસ હોવી જોઇએ.
8. અરજીની સાથે પાડી/વાછરડીનો જન્મ કૃત્રિમ બીજદાનથી થયેલ છે. તે બાબતનું પ્રમાણપત્ર કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું સામેલ રાખવાનું રહેશે.
9. પશુચિકિત્સા અધિકારી દ્વારા અરજી બાબતે સ્થળ ચકાસણી કરી પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે. અને તે મુજબ I-khedut (આઇ-ખેડૂત) પોર્ટલમાં અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.
10. લક્ષ્યાંક કરતા પાત્રતા ધરાવતી અરજીઓ વધુ મળે તેવા કિસ્સાઓમાં અરજદારની પંસદગી I-khedut (આઇ-ખેડૂત) પોર્ટલ ઉપર ડ્રો મારફત કરવાની રહેશે.
11. સહાય હેઠળની પાડી/વાછરડીનું ભારત પશુધન પોર્ટ્લમાં રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
12. મંજૂર થયેલ અરજીઓના લાભાર્થીઓને નિયત જથ્થાનું કાફ સ્ટાર્ટર, સમતોલ દાણ, મિનરલ મિક્ષ્ચર પુરૂ પાડવાનું રહેશે.
13. યોજના હેઠળ મળવાપાત્ર કાફ સ્ટાર્ટર, સમતોલ દાણ, મિનરલ મિક્ષ્ચરનો ઉપયોગ યોજના હેઠળની પાડી/ વાછરડી માટે જ કરીશ તે અંગેનું પશુપાલકનું બાહેધરી પત્રક મેળવવાનું રહેશે.
14. જીલ્લા અમલીકરણ અધિકારી દ્વારા યોજના હેઠળની પાડી/વાછરડીના શારીરીક વિકાસ અને બોડી ગર્થના આધારે વજનની ચકાસણી દર છ માસે કરવાનું રહેશે.
15. પશુપાલકે યોજના હેઠળની પાડી/ વાછરડીનો વૈજ્ઞાનિક રીતે નિભાવ કરવાનો રહેશે. તેમજ નિયમિત રસીકરણ, અને સારવાર કરાવવાની રહેશે.
16. પ્રતિ પાડી/વાછરડી માટે કાફ સ્ટાર્ટર ૧૫૦ કિગ્રા, સમતોલ દાણ ૧૦૦૦ કિગ્રા, મિનરલ મિક્ષ્ચર ૧૫ કિગ્રાની જરૂરિયાત રહેશે. જેના અંદાજીત ખર્ચ રૂ.૩૦,૦૦૦/- ના ૫૦% લેખે વધુમાં વધુ રૂ.૧૫,૦૦૦/- પ્રતિ પાડી/ વાછરડી સહાય મળવાપાત્ર રહેશે. (જેથી અંદાજીત ૮૦૦૦ યુનિટ માટે કુલ ખર્ચ રૂ.૧૨.૦૦ કરોડ થવા પામશે) ઉક્ત સહાય પાડી/ વાછરડીની મહત્તમ ૨૪ માસની ઉંમર સુધી મળવાપાત્ર રહેશે. જરૂરિયાતના કુલ જથ્થાનો ૫૦% જથ્થો એટલે કે કાફ સ્ટાર્ટર ૭૫ કિગ્રા, સમતોલ દાણ ૫૦૦ કિગ્રા, મિનરલ મિક્ષ્ચર ૭.૫ કિગ્રા (અંદાજિત કિંમત રૂ.૧૫,૦૦૦/- પ્રતિ પાડી/વાછરડી) વિનામુલ્યે મળવાપાત્ર થશે. બાકીનો ૫૦% જથ્થો લાભાર્થી જાતે ખરીદશે તે અંગેનું પશુપાલકનું બાહેધરી પત્ર મેળવવાનું રહેશે.
17. સમતોલ દાણ, કાફ સ્ટાર્ટર અને મિનરલ મિક્ષ્ચરના ભાવ કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલયના ઠરાવ ક્રમાંક: સીડીએસ/૧૩૨૦૧૯/૧૫૯૬/પી.૧, તા.૨૯/૦૧/૨૦૨૦ માં ખાણદાણ સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટે નિયત થયેલ સમિતિ દ્વારા જે ખરીદ પધ્ધિત નિયત થાય/ ભાવ મંજૂર થાય/ એમ્પેનલ થાય તે ભાવ મુજબ આ યોજના અન્વયે સમતોલ

દાણ, કાફ સ્ટાર્ટર અને મિનરલ મિક્ષ્ચરની ખરીદી કરવાની રહેશે.

18. યોજના અંતર્ગત તમામ જિલ્લાઓના વાર્ષિક સંકલિત લક્ષ્યાંકને ધ્યાને સમતોલ દાણ, કાફ સ્ટાર્ટર અને મિનરલ મિક્ષ્ચર રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુર થયેલ ભાવ મુજબ/ નિયત થયેલ ભાવે એમ્પેનલ એજન્સી દ્વારા જે તે જિલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી મારફતે પુરા પાડવાના રહેશે.
19. મંજુર થયેલ જથ્થા મુજબનું કાફ સ્ટાર્ટર અને મિનરલ મિક્ષ્ચર એક સાથે તથા સમતોલ દાણ બે હપ્તામાં પૂરું પાડવાનું રહેશે
20. પ્રથમ અને બીજા હપ્તામાં નિયત થયેલ કાફ સ્ટાર્ટર, સમતોલ દાણ, મિનરલ મિક્ષ્ચર અરજદારને પૂરું પાડ્યા બાદ સપ્લાય થયેલ જથ્થાની સ્થળ ચકાસણી કરી અમલીકરણ અધિકારીએ જે તે હપ્તાની ચુકવણીની કામગીરી કરવાની રહેશે.
21. જે લાભાર્થી પશુપાલકને સહાય મંજૂર કરવામાં આવી હોય અને તે અંગેનું ચુકવણું બાકી હોય તેવા કિસ્સામાં આગામી વર્ષની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાશે. વધુમાં ગતવર્ષે પશુપાલકને સહાય મંજુર કરવામાં આવી હોય અને બીજા હપ્તાનું ચુકવણુ કરવાનું બાકી હોય તો ચાલુ વર્ષની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાશે.
22. યોજના હેઠળની પાડી/વાછરડીનું સહાયના સમયગાળા દરમ્યાન મરણ થાય અથવા અન્યત્ર વેચાણ કરવામાં આવે તો સહાય મળવાપાત્ર રહેશે નહી.
23. સદર યોજના હેઠળ નિયત થયેલ ભૌતિક તેમજ નાણાકીય લક્ષ્યાંકો મુજબ સમયમર્યાદામાં સરકારશ્રીની વખતો-વખતની સુચનાઓ મુજબ કામગીરી થાય તેની તકેદારી અમલીકરણ અધિકારીએ રાખવાની રહેશે.
24. આ અંગેનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૨૬ થી કરવાનો રહેશે.
25. The Right of Person with Disabilities Act-2016 ની Section – 24 અને Section – 37 ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમા પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપુર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

**પરિશિષ્ટ: ૫**

સામાન્ય જાતિના લોકોને પ્રાકૃતિક ખેતી માટે બે દેશી ગાયની ખરીદી માટે સહાયની યોજનાના અમલીકરણ માટેની બોલીઓ અને શરતો : વર્ષ ૨૦૨૬-૨૭

1. આ યોજનાનો લાભ આત્મા કચેરી દ્વારા આપવામાં આવતી પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવેલ સામાન્ય જાતિના લોકોને મળવાપાત્ર થશે.
2. યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વસત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા વિભાગની રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.
3. યોજનાનું અમલીકરણ તથા મોનીટરીંગ સંબધિત મદદનીશ/ નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત અધિકારી અને પ્રોજેક્ટ ડાયરેક્ટર – આત્મા એ સંયુક્ત રીતે કરવાનું રહેશે.
4. અરજદાર પોતાની માલિકીની જમીન અથવા વારસાઇ હક અથવા ભોગવટાની જમીન ધરાવતા હોવા જોઇએ.
5. સદર યોજનાનો લાભ આજીવન એક જ વખત, જમીન ધરાવતા કુટુંબના એક જ પુખ્ત વ્યક્તિને મળવાપાત્ર રહેશે.
6. યોજનાનો લાભ લેવા અરજદારે આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

7. અરજદારે સ્થાનિક દેશી ઓલાદની બે (૨) ગાયોની ખરીદી એકસાથે કરવાની રહેશે.
8. અરજદારે દેશી ગાયના ગૌમુત્ર અને છાણ આધારીત પ્રાકૃતિક કૃષિ કરવાની રહેશે. અને ત્રણ વર્ષ માટે પ્રાકૃતિક ખેતી કરશે તે અંગેની બાંહેધરી અરજદારે આપવાની રહેશે.
9. પશુ ખરીદી માટે બેંક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંનેમાંથી જે ઓછી રકમ હોય તેના ૩૫% લેખે મહત્તમ રૂ.૨૮,૦૦૦/- પ્રતિ ૨(બે) ગાય મુજબ સહાય મળવાપાત્ર થશે.
10. યોજના અંતર્ગત મળેલ અરજીઓની પાત્રતા (Eligible) જિલ્લા પશુપાલન અધિકારી તથા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી - આત્માના સંકલનમાં નિયત કરવાની રહેશે તેમજ ફાળવેલ લક્ષ્યાંક કરતા પાત્રતા ધરાવતી અરજીઓ વધુ મળે તેવા કિસ્સામાં I khedut (આઈ-ખેડુત) પોર્ટલ પર ડ્રો કરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
11. યોજનાનો લાભ મેળવવા ભારતીય રીઝર્વ બેંક માન્ય કોઈ પણ બેંકમાંથી વર્ષ ૨૦૨૬-૨૭ ધિરાણ મેળવેલ હોવું જોઈએ. અથવા મંજુરી હુકમ મળ્યા બાદ બેંકમાંથી ધિરાણ મેળવી અથવા સ્વખર્ચે, પશુ ખરીદીની કાર્યવાહી પુર્ણ કરી જરૂરી દસ્તાવેજ સાથે સહાયનો દાવો અરજદારે ૯૦ દિવસમાં અમલીકરણ અધિકારીશ્રીને રજૂ કરવાનો રહેશે.
12. અરજદાર દ્વારા રજુ કરેલ સહાયના દાવાનુ નીચે મુજબની કમિટી દ્વારા વેરીફિકેશન કરવાનું રહેશે.

1) નાયબ/ મદદનીશ પશુપાલન નિયામક - જિલ્લા પંચાયત

2) પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી - આત્મા

3) નાયબ/ મદદનીશ પશુપાલન નિયામક - ઘપસુયો કચેરી

13. કમિટી દ્વારા વેરીફિકેશન થયા બાદ, નિયમોનુસાર તમામ શરતો બોલીઓનું પાલન થતુ હોય તો અમલીકરણ અધિકારી દ્વારા સહાયનું ચૂકવણુ કરવાનું રહેશે.
14. સહાયની રકમ લાભાર્થીના બેંક ખાતામાં DBT થી જમા કરવાની રહેશે.
15. આ યોજના તળે પશુપાલન ખાતા દ્વારા જીલ્લાવાર નિયત થયેલ ભૌતિક લક્ષ્યાંક મુજબ જ કામગીરી કરવાની રહેશે. ઓનલાઇન થયેલ અરજીના આધારે પશુપાલન ખાતા દ્વારા લક્ષ્યાંકની સમીક્ષા કરી જીલ્લાવાર નિયત થયેલ લક્ષ્યાંકમાં ફેરફાર કરી શકાશે.
16. અમલીકરણ અધિકારી દ્વારા નિયત નમુનામાં ગ્રાંટ વપરાશના પ્રમાણપત્રો (UTC) પશુપાલન નિયામકશ્રીની કચેરી ગાંધીનગરને સમયસર મોકલી આપવાના રહેશે.
17. આ યોજનાના વર્ષ ૨૦૨૬-૨૭ ના સરકારશ્રીના ઠરાવની અન્ય શરતોની સાથે The Right of Person with Disabilities Act-2016 ની Section – 24 અને Section – 37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમા પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપુર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
18. આ યોજનાના રાજ્ય કક્ષાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે. સદર યોજનાના અમલીકરણ બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પશુપાલન નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે.

Signature Not Verified
Signed by: priyanka chaudhary
Section Officer
Date:2026.04.01
11:30:54 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign